## શ્રી આર.જી.દેવધરા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.
**ઈ.એસ.આઈ.અરજી નં.૧૮/૨૦૨૫**

**અરજદાર : સ્ટારક્રેસ્ટ સર્વિસીસ પ્રા.લી.**
બી–૪૩૨, સોબો સેન્ટર કોમ્પ્લેક્ષ,
સાઉથ બોપલ રોડ, અમદાવાદ.

**વિરૂધ્ધ,**

**સામાવાળા : ૧) રીજીયોનલ ડાયરેકટરશ્રી,**
**૨) રીકવરી ઓફીસરશ્રી,**
કામદાર રાજય વીમા નિગમ,
પંચદિપ ભવન,આશ્રમ રોડ, અમદાવાદ.

**<u>હાજર રહયા:–</u>**
અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એ.કે.ચાવડા.
સામાવાળા તરફે : વિધ્વાન વકીલશ્રી ટી.આર.મકવાણા.

**–:: <u>આંક–૨ હેઠળ હુકમ</u> ::–**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ આંક–૨ થી વચગાળાની અરજી સાથે સામાવાળાના અધિકારીએ તા.૩૦/૮/૨૦૨૪ ના રોજ ઈશ્યુ કરેલ કલમ–૪૫(એ) હેઠળ હુકમ મુજબ રૂા.૬,૫૬,૯૬૫/– અંગે વસુલાત કરે કરાવે નહીં તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવાની દાદ માંગેલ છે.

**૨.** અરજદારની મુળ અરજી તથા આંક–૨ ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ધ્યાનમાં લીધા તથા બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે આંક–૨ હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને કલમ–૪૫(એ) હેઠળના તા.૩૦/૮/૨૦૨૪ ના હુકમમાં ફાળા પેટે રૂા.૬,૬૫,૯૬૫/– ની વસુલાતની

કાર્યવાહીના સંદર્ભે ઉપરોકત રકમના ૫૦% (રાઉન્ડફીગર) રકમ એટલે રૂા.૩,૨૮,૪૮૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ અઠ્ઠાવીસ હજાર ચારસો એંશી પુરા) સામાવાળા સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક-૯ ની પુરશીશ સાથે ચલણની નકલ રજૂ કરી જાહેર કરેલ છે કે, તેઓએ ઉપરોકત હુકમ મુજબ (રાઉન્ડફીગર) રકમ રૂા.૩,૨૮,૫૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ અઠ્ઠાવીસ હજાર પાંચસો પુરા) ચલણથી તા.૧/૩/૨૦૨૫ ના રોજ જમા કરી દીધેલ છે. જે અંગે ચલણ ની નકલ આ સાથે કોર્ટ રેકોર્ડમાં રજુ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં અરજદારની આંક-૨ ની અરજીના પેરા નં.૬ મુજબ માંગેલી દાદ આંક-૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુધ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૦૨/૦૪/૨૦૨૫**

**(રાજદીપસિંહ ગુમાનસિંહ દેવધરા)**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૪૪૨

**P V CHUDASAMA,P.S**